# અનેરાની કન્યા વિદ્યાલયની ૫૦ બાળકીઓ ફૂડ પોઈઝનીંગનો શિકાર



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

## રાતના વાસી ઢોંકળા ખાતા ફૂડ પોઈઝનીંગ થયા હોવાનું માલૂમ પડતા ક્લેક્ટરે બંછાનીધિ પાનીએ તાપસના આદેશ આપ્યા

હિંમતનગર, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગરથી આઠ કિલોમીટરના અંતરે આવેલા અનેરા ગામે ઉત્તર બુનિયાદી કન્યા વિધાલયની ૫૦થી વધુ વિધાર્થીનીઓને રાતના વાસી ઢોકળા ખાધા બાદ તેના પર દૂધ પીતા બાળાઓને ફૂડ પોઈઝનીંગ થતા તેમને તાત્કાલિક સારવાર માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે. બનાવની જાણ થતા જિલ્લા કલેકટર બંછાનિધિ પાનીએ ફૂડ એનડ ડ્રગ્સ અને આરોગ્યની ટીમને તાત્કાલિક ઘટના સ્થળે મોકલી બચાવ કામગીરી હાથ ધરી હતી. આરોગ્યતંત્રની ત્રણ ટીમોને પણ અનેરા ગામે રવાના કરવામાં આવી હતી.

હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાને કન્યા વિધાલયની બાળાઓને ફૂડ પોઈઝનીગ થયાની જાણ થતા તેઓ પણ અનેરા ગામે દોડી ગયા હતા અને પિરસ્થિતિનો તાગ મેળવ્યો હતો અને સીવિલ હેસ્પિટલ પંહોચી ફૂડ પોઈઝનીગનો ભોગ બનેલ બાળાઓના ખબર અંતર પુછયા હતાહિંમતનગર પાસેના અનેરા ગામે આવેલ ઉત્તર બુનિયાદી કન્યા વિધાલયની હોસ્ટેલમાં ૧૮૦ વિધાર્થીનીઓ રહે છે. હોસ્ટેલમાં રાત્રે જમવામાં અન્ય વાનગીઓ સાથે ઢોકળા બનાવ્યા હતા. જે રાતના વાસી ઢોકળાઓ સવારમાં ૫૦થી વધુ વિધાર્થીનીઓ નાસ્તામાં દૂધ સાથે આરોગતા કલાક પછી એક પછી એક વિધાર્થીનીઓની તબીયત લથડવા માંડી હતી સમયાતંરે ૫૦ જેટલી વિધાર્થીનીઓને ફૂડ પોઈઝનીગ થયાનું જણાતા કન્યા વિધાલયના સંચાલકોએ બાળાઓને સારવાર માટે હિંમતનગર સિવિલ હોસપિટલ ખસેડી હતી. બનાવની જાણ થતા જિલ્લા કલેકટર બંછાનિધિ પાનીએ ફૂડ એનડ ડ્રગ્સ અને આરોગયની ટીમને તાત્કાલિક ઘટના સ્થળે મોકલી બનાવની માહિતી મેળવી હતી. અને આરોગ્ય તંત્રની ટીમોને પણ જરુરી સૂચના આપી હતી.

ઉપરાંત તેમને ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે -થામિક અહેવાલમાં જો સંચાલકોની ક્ષતિ જણાશે તો તેમની વિરુધ્ધ શિક્ષાત્મક પગલા ભરવામાં આવશે. હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા અને એસ.ટી નિગમના ડિરેકટર કોશલ્યાકુંવરબા પણ ઘટના સ્થળે દોડી ગયા હતા. ત્યારબાદ સિવિલ હોસપિટલમાં જઈ બાળાઓના ખબ અંતર પુછયા હતા. -નથમિક તપાસમાં વિધાર્થીનીઓએ વાસી ઢોકળા ખાતા ફૂડ પોઈઝનીગ થયું હોવાનું જાણવા મળેલ છે. ૪૫ બાળાઓને હિંમતનગર સિવિલ હોસપિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.



ભારતના ઈતિહાસમાં ૨૪મી સપ્ટેમ્બર ૨૦૧૪નો દિવસ એક સુવર્ણ અક્ષરે લખાશે. ભારતના વૈજ્ઞાનિકો દ્વારા છોડવામાં આવેલું મંગળયાન જે સફળ યાન તરીકે નીવડ્યું હતું. જેના લીધે સમગ્ર ભારતમાં ખુશીની લહેર વ્યાપી ગઈ હતી અને આ લહેર અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના શાળાઓ તથા કોલેજોમાં જોવા મળી હતી. જેમાં મોડાસા સરસ્વતી હાઈસ્કૂલના બાળકો અને સાયન્સ ભણતા વિદ્યાર્થીઓ તેમની શાળાએથી રેલી કાઢી મોડાસા ચાર રસ્તા સુધી લાવી અને સફળ નીવડેલા વૈજ્ઞાનિકોનું અભિવાદન કર્યું હતું અને ભારત વૈજ્ઞાનિક અને સાયન્સની દુનિયામાં આ સફળ મંગળયાનના કારણે એશિયામાં પ્રથમ નંબરે આવી ચીન અને જાપાન જેવા શક્તિ અને અદ્યતન ટેકનોલોજી ધરાવતા દેશોને પણ પાછળ છોડી ભારતે આજે વિશ્વમાં તેની આગવી ઓળખ ઉભી કરી તે બદલ આ શાળાના બાળકોએ મોડાસાના ચાર રસ્તા પર આતશબાજીનો કાર્યક્રમ કર્યો હતો અને બાળકોએ આવતા જતા નાગરિકોને મોઢું મીઠું કરાવી ખુશી વ્યક્ત કરી હતી. (તસવીર : સમીર બલોચ, ગાંધીનગર)

## અરવલ્લી જિલ્લાના ૧૦ પોલીસ મથકમાં છેલ્લા એક વર્ષમાં ૧૩000 ગુના નોધાયા

### ૧૧ કરોડ જેટલો દારૂ પણ પોલીસ ધ્વારા પકડવામાં આવ્યો : ૭૧ લોકોને તડીપાર તેમજ ૫૧ લોકો ને પાસા કરવામાં આવી

મોડાસા, તા.૨૫

સબરકાંઠામાંથી વિભાજન થઈ એક વર્ષ પહેલા મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદી ધ્વારા ૨૬મી જાન્યુઆરીના રોજ અરવલ્લી જીલ્લાની જાહેરાત કરવામાં આવી હતી. અરવલ્લી જીલ્લો હાલ ક્રાઈમ ઝોન બન્યો છે. છેલ્લા એક વર્ષમાં ૨૬ જેટલા ખુનના કેસ નોધાયા છે. જયારે ઘરફોડ ચોરીના ૨૦૦ જેટલા ગુના નોધવામાં આવ્યો છે. સાથે જ આ ગુનાની બદીને ડામવા માટે પોલીસ ધ્વારા ૭૧ લોકોને તડીપાર કરવામાં આવ્યા છે અને ૫૧ લોકોને પાસા હેઠળ જેલના સળીયા પાછળ ધકેલવામાં આવ્યા છે તેમજ રૂ. ૧૧ કરોડનો અધધધ દારૂ પણ પોલીસ ધ્વારા પકડવામાં આવ્યો છે.

સાબરકાંઠામાંથી અરવલ્લી જિલ્લો જુદો થયે ૧ વર્ષ થવા આવ્યુ છે. આ એક વર્ષ દરમ્યાન અરવલ્લી જીલ્લામાં ૧૩000 કરતાં પણ વધારે ગુના નોધાયા છે. આ ગુનામાં મોટા ભાગે ૨૬ જેટલા ખુનના કેસ, જયારે ૨૦૦ જેટલા ઘરફોડ ચોરીના કેસ, અને સરહદી વિસ્તાર શામળાજીમાં ૭૦ જેટલા દારૂના કેસ નોધવામાં આવ્યા છે. આ દારૂના કેસોમાં ૧૧ કરોડ જેટલો દારૂ પોલીસ ધ્વારા ઝડપી પાડવામાં આવ્યો છે. આ ગુનાઓ જોતા અરવલ્લી જિલ્લો જુદો પડયા બાદ જિલ્લા માં ક્રાઈમ માં વધારો થવા પામ્યો છે.





(તસવીર : સમીર બલોચ, મોડાસા)

અરવલ્લી જિલ્લામાં દિવસેને દિવસે તમામ પ્રકારના ગુનાઓ વધવા લાગ્યા છે. જિલ્લામાં ૧૦ જેટલા પોલીસ મથકો આવેલા છે. જિલ્લાની પોલીસ ધ્વારા જિલ્લામાં ગુનાખોરીનુ પ્રમાણ ઘટે તે માટે પ્રયત્નો કરવામાં આવી રહયા છે. તેના ભાગ રૂપે જીલ્લામાં એક જ વર્ષમાં ૭૧ જેટલા લોકોને પોલીસ ધ્વારા તડીપાર કરવામાં આવ્યા છે ત્યારે ૫૧ જેટલા લોકોને પાસા હેટળ ધકેલવામાં આવ્યા છે અને જિલ્લાની પોલીસની તમામ ટીમો ધ્વારા ગુનાખોરી ડામવા પ્રયાસ પણ કરવામાં આવી રહયા છે.

જયારે એકંદરે જોવા જઈએ તો જીલ્લામાં ક્રાઈમ રેટ વધ્યો છે અને જિલ્લા પોલીસ ધ્વારા ગુનાખોરી ડામવા મજબુત અને કડક પગલા લેવામાં આવે તેવી જિલ્લાની પ્રજા ઈરછી રહી છે.

## અરવલ્લી જિલ્લાના વડા મથક મોડાસા ખાતે સિવિલ હોસ્પીટલ બનાવવા લોક માંગ

### સિવિલ હોસ્પીટલના હોવાને કારણે લોકો મોઘીદાટ સેવા લેવા મજબુર

મોડાસા, તા.૨૫

ગુજરાત સરકારના ધારા ધોરણ મુજબ રાજયના દરેક જિલ્લા મથકે ગરીબ દર્દીઓને મફત આરોગ્યલક્ષી સરવાર નો લાભ મળી રહે તે માટે સીવિલ હોસ્પીટલ કાર્યરત હોય છે. જયારે શિક્ષણ અને આરોગ્ય નુ ધામ ગણાતા મોડાસા શહેર માં જિલ્લા નુ વડુ મથક હોઈ અને અરવલ્લી જિલ્લો બને એક વર્ષ જેટલો સમય વિતી ગયો હોવા છતાં મોડાસા ખાતે સિવિલ હોસ્પિટલના અભાવે જિલ્લાના ૯ લાખ જેટલા લોકો ને મોઘીદાટ સેવાઓ લેવી પડે છે. જેથી જિલ્લા ની જનતા મ્યુ અરવલ્લી જિલ્લા ના વડા મથક મોડાસા ખાતે સિવીલ હોસ્પીટલ બનાવા માંગ ઉઠવા પામી છે.

અરવલ્લી જિલ્લા ની જનતા તથા મોડાસા ની જનતા ધ્વારા મોડાસા માં સીવિલ હોસ્પીટલ બનાવવા માટે વારંવાર રજુઆત કરવામાં આવી છે લાગતા વળગતા ખાતા માં પણ આ બાબતે રજુઆત કરવામાં આવી છે. તે છતાં આજ દિન સુધી કોઈ પરિણામ આવ્યુ નથી જયારે જીલ્લા ના આરોગ્ય વિભાગ ધ્વારા આ મામલે ઉચ્ચ કક્ષાએ રજુઆત મોકલી આપવામાં આવેલ છે. અને ટુંક સમય માં મોડાસા માં સિવીલ હોસ્પિટલ કાર્યરત થશે તેવુ જણાવ્યુ હતુ. મોડાસા વાસીઓ ની વર્ષો જુની માંગણી હતી કે મોડાસામાં સામુહીક આરોગય કેન્દ્ર બને પરંતુ આજ દિન સુધી સામુહીક આરોગ્ય કેન્દ્ર પણ બન્યુ નથી.

હવે આ નવા જાહેર થયા જિલ્લા માં સીવિલ હોસ્પિટલ બનશે કે નહી સાથે ગરીબ જનતા ને મફત આરોગ્યલક્ષી સેવા મળશે કે નહી હાલ તો જનતા આ પ્રશ્ન પુછી રહી છે.ત્યારે આ બાબતે રાજય સરકારે ઝડપથી કાર્યવાહી કરી મોડાસા ની જનતા ની વર્ષો જુની માંગણી પુરી કરવામાં આવે તેવી લોક માંગ ઉટવા પામી છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)



## મોડાસાના વૃંદાવન એપાર્ટમેન્ટ આગળ ખોદવામાં આવેલ ભયજનક મોટા મોટા ખાડા

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરની જાણે ઘોર ખોદાઈ રહી હોય તેવુ જનતા અનુભવી રહેલ છે, મોડાસાની જનતા ઉપર નગરપાલિકા તંત્રનો કોઈ જ અંકુશ ન હોય તેવુ લાગી રહેલ છે. મોડાસા શહેરના ભરચક અને કાયમી અવર જવર ધરાવતા વિસ્તારમાં આવેલ વૃંદાવન એપાર્ટમેન્ટના એ તથા બી બ્લોકના રહેવાસી લોકોએ એપાર્ટમેન્ટની બાહર ભયજનક અને ખુબ જ નુકશાન થવાની ભીતી સેવાઈ રહેલી છે તેવા મોટા મોટા ખાડાઓ ખોદી અવર જવર કરતા લોકો અને વૃંદાવન એપાર્ટમેન્ટના સી તતા ડી બ્લોકના રહીશોને જાણે મોતના કૂવામાંથી પસાર થઈ રહ્યા હોય તેવો અવર જવર કરતી વખતે ભાસ થાય છે. તેમજ નવરાત્રી મહોત્સવ ચાલુ થતો હોવાથી નવરાત્રી માણવા જતી જનતા આ ખાડાઓમાં પડી જવાની ઘટના બનવાની શક્તા નકારી શકાતી નથી. તેથી એપાર્ટમેન્ટ બ્લોક સી અને ડી ના રહીશોએ વારંવાર રજુઆત કરવા છતાં એ તથા બી બ્લોકના રહીશો કોઈ પણ કાર્યવાહી ન થતાં ભયનો માહોલ વ્યાપી ગયો છે. આમ છતાં જો નગરપાલિકા તંત્ર દ્વારા જાગૃત બની જવાબદાર રહીશો સામે કાર્યવાહી હાથ ધરી ખાડો પુરાવે તેવી માંગ જનતા કરી રહી છે. (જય અમીન, મોડાસા)

## મોડાસાની પારસ સોસાયટીમાં આવેલ પીવાના પાણીનો કૂવો એટલે ગંભીર બીમારીઓનું વહન

મોડાસા, ૨૫

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં મોડાસા નગરપાલિકાનુંતંત્ર ખાડે ગયું હોય તેવું વારંવાર લાગી રહ્યું છે. મોડાસા નગરપાલિકાને ફક્ત વેરાઓજ ઉઘરાવવામાં રસ હોય અને વહિવટદારો દ્વારા પોતાના અંગત સ્વાર્થ પૂરતા જ સક્રિય રહેતા હોય તેવું મોડાસાની જનતા અનુભવી રહી છે.

મોડાસા શહેરની પારસ સોસાયટીમાં છેલ્લા કેટલાય સમયથી નગરપાલિકા દ્વારા દૂષિત પાણી પીવાનુ પુરૂ પાડવામાં આવે છે. પારસ હસ્તકના પીવાના પાણીના કૂવામાં પાંદડા, પક્ષીઓના પીંછા, ઈંડા જેવા કચરો પડવાના કારણે પાણીની અંદર કોહવાઈ ગયા છે અને તેની દુર્ગંધ પારસ સોસાયટીના રહીશોના ફેલાઈ રહી હોવા છતાં આજ કૂવાનુ પાણી પુરૂ પાડતાં જનતાના માંદગીના નગારા વાગી રહ્યા છે. ન.પા. પ્રમુખ જાતે આવીને મહિના પહેલા મુલાકાત લઈ ગયા હોવા છતાં કૂવાની સફાઈની કે ગળણની કોઈ જ પ્રક્રિયા કરવામાં આવી નથી. અને આવા દૂષિત પાણી પીવાથી ગંભીર બીમારીનો ભોગ રહીશોને બનવાનો



(તસવીર : જય અમીન, મોડાસા)

વારો આવશે તો તેની જવાબદારી કોની, પારસ સોસાયટીના રહીશોના સોસાયટીના નગરજનોએ નગરપાલિામાં વારંવાર મૌખીક અને લેખિત રજુઆત છેલ્લા પાંચ વર્ષથી કરવામાં આવી રહેલી છે. છતાં નગરપાલિકાનું નઘરોળ તંત્ર જાણે તંદ્ર અવસ્થામાં હોય તેમ કોઈ જ કાર્યવાહિ કરવામાં આવતી નથી. નગરપાલિકા જણાવ્યા મુજબ જો ન.પા. દ્વારા યોગ્ય પગલા ભરવામાં નહિ આવે તો સોસાયટીના રહીશો ગાંધીચીંધ્યા માર્ગે નગરપાલિકા કચેરીમાં ઉપવાસ પર ઉતરી જશે.

## મહિયલ શાળામાં સ્નેહ સિંચન કાર્યક્રમ યોજાયો

તલોદના મહિયલ મુકામે સ્થિત જે.બી. ઉપાધ્યાય હાઈસ્કૂલના ધો. ૧૧ તથા ૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓનો ઉત્સાહવર્ધનનો કાર્યક્રમ યોજાયો હતો. સ્નેહ સિંચન શીર્ષક હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં તલોદ સાયન્સ કોલેજના પ્રાધ્યાપક ડૉ. નરસિંહભાઈ પટેલ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને પરીક્ષા અને વિષય સંબોધિત માહિતીથી વાકેફ કરી માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં ગણિતના શિક્ષક પી.બી. રાબડીયા, આર.આર. પટેલ, એ.વી. શાહ, ડૉ. નિલેષ મહેતા, કે.કે. પટેલ, પ્રકાશ જોષી, સુનિલ પંડ્યા, આર.એન. ઉપાધ્યાય, અમિતભાઈ ત્રિવેદીએ વિદ્યાર્થીઓને પ્રેરક ઉદાહરણ દ્વારા સંબોધિત કર્યા હતા અને પરીક્ષાની શુભેચ્છા પાઠવી હતી. અંતે શાળાના આચાર્ય ડૉ. મનહરભાઈ પંચાલે વિદ્યાર્થીઓ સમક્ષ પોતાની લાગણી વ્યક્ત કરી આભાર દર્શન કર્યુ હતુ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આશિષ ભટ્ટે કર્યુ હતુ.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી


એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ




ગુજરાત સરકાર માન્ય

ISO-9001:2008 COMPANY



સુવિધાઓ...

(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર



ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર

TATA

ઓથોરાઈઝ્ડ ડીલર

Castrol

EXIDE INDUSTRIES LIMITED

BRIDGESTONE PASSION for EXCELLENCE

JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮

ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦

મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦